# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી સુરત

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઈન્સ સુરત- ૩૯૫૦૦૧

:- suratdeo@gmail.com

:- ૦૨૬૧-૨૬૬૨૯૦૨

web :-www.suratdeo.or


જા.નં.મા-૨/૨૦૨૪/17471

તા.૨૩/૧૨/૨૦૨૪

પ્રતિ,

આચાર્યશ્રી,

સુરત જિલ્લાની તમામ રજીસ્ટર માધ્યમિક/ઉ.મા.શાળાઓ

સુરત શહેરની બિનસરકારી ગ્રાન્ટેડ/નોન ગ્રાન્ટેડ/ પ્રાથમિક શાળાઓ તરફ.

વિષય:-એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ-૨૦૨૪-૨૫ના આયોજન બાબત.
સંદર્ભ:-ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,ગાંધીનગરનો પત્ર ક્રમાંક નં.જીસીઇઆરટી/C&E/2024-25/30621-50 તા.૨૩/૧૨/૨૦૨૪નો પત્ર અન્વયે.

આ સાથે સામેલ ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,ગાંધીનગરનો પત્ર ક્રમાંક નં. જીસીઇઆરટી/C&E/2024-25/30621-50 તા.૨૩/૧૨/૨૦૨૪ અન્વયે. એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ-૨૦૨૪-૨૫ના આયોજન માટે તમામ શાળાઓને જાણ તથા અમલ કરવા સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત.જિ.સુરત

બિડાણ :- ઉકત પરિપત્રની નકલ

સત્યમેવ જયતે
નિયામક

પ્રાથમિક સાક્ષરતા અને અંક જ્ઞાન

ક્રમાંક : જીસીઇઆરટી/C&E /2024-25 / 30622-50
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,
'વિદ્યાભવન', સેક્ટર-12, ગાંધીનગર
ફોન : (079) 23256813-39
નિયામક : (079) 23256808
સચિવ : (079) 23256813
e-mail :director-gcert@gujarat.gov.in
તા. /12/2024

23 DEC 2024

પ્રતિ,
પ્રાચાર્યશ્રી,
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, તમામ
વિષય- એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ -2024-25ના આયોજન બાબત
સંદર્ભ – 1. તા. 21/12/2024ની શાખા નોંધ પર માન. નિયામકશ્રીની મળેલ અનુમતિ અન્વયે

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું જીસીઇઆરટી દ્વારા આપના જિલ્લામાં પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષકો તેમજ બી.એડ./ડી.એલ.એડ. અધ્યાપકોના ઇનોવેટીવ વિચારોને પ્રોત્સાહન તેમજ પ્રચાર-પ્રસાર મળે તે હેતુસર પ્રતિ વર્ષ રાજ્યમાં એજયુકેશન ઇનોવેશન ફેસ્ટીવલનું આયોજન કરવામાં આવે છે. ગત વર્ષની જેમ વર્ષ 2024-25માં એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ જિલ્લા કક્ષા, ઝોન કક્ષા તેમજ રાજ્ય કક્ષાએ આયોજન કરવાનું રહેશે. દરેક જિલ્લામાં સમાવિષ્ટ શૈક્ષણિક સંસ્થાઓ (સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી- પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા તેમજ બી.એડ./ડી.એલ.એડ.) શિક્ષકો/અધ્યાપકો માટેના એજયુકેશન ઇનોવેશન ફેસ્ટીવલમાં ભાગ લઇ શકશે.

- દરેક જિલ્લામાં સમાવિષ્ટ શૈક્ષણિક સંસ્થાઓ (સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી-પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા તેમજ બી.એડ./ડી.એલ.એડ.) શિક્ષકો/અધ્યાપકો માટેના એજયુકેશન ઇનોવેશન ફેસ્ટીવલમાં ભાગ લઇ શકશે.

વર્ષ 2024-25ના એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ માટે નીચે મુજબના ક્ષેત્રોમાં શિક્ષકો/ અધ્યાપકો સહભાગી બની શકશે.

1. NEP 2020, NCF FS, SCF FS અને NCF SE સબંધિત...
   a. ફાઉન્ડેશનલ સ્ટેજ સબંધિત ઇનોવેટીવ અધ્યયન અધ્યાપન પ્રક્રિયા અને મૂલ્યાંકન
   b. જાદુઇ પીટારાનો ઇનોવેટીવ ઉપયોગ
   c. પ્રીપેરેટરી સ્ટેજ સબંધિત ઇનોવેટીવ અધ્યયન અધ્યાપન પ્રક્રિયા અને મૂલ્યાંકન

જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, સુરત.
આવક નંબર 9169 3170
તારીખ :- 24/12

d. મીડલ સ્ટેજ સબંધિત ઇનોવેટીવ અધ્યયન અધ્યાપન પ્રક્રિયા અને મૂલ્યાંકન

e. સેકન્ડરી સ્ટેજ સબંધિત ઇનોવેટીવ અધ્યયન અધ્યાપન પ્રક્રિયા અને મૂલ્યાંકન

f. પાયાના તબક્કા માટેની રાજ્ય અભ્યાસક્રમ રૂપરેખા- SCF FS અને શાળા શિક્ષણ માટેની રાષ્ટ્રીય અભ્યાસક્રમ રૂપરેખા- NCF SEનું શાળામાં અમલીકરણ

g. ઇનોવેટીવ શિક્ષણ પદ્ધતિઓ જેમકે, Field Trips/ STEM / STEAM / STREAM આધારિત શિક્ષણ, ટીમ ટીચિંગ, ક્રોસ કટિંગ અને ઇન્ટર ડિસીપ્લીરી વિષયો (Cross Cutting and Interdisciplinary)

h. શિક્ષણમાં Blended Learning

i. Gifted child/ CwSN વિદ્યાર્થીઓ માટેની Innovative શિક્ષણ / મૂલ્યાંકન પધ્ધતિઓ

j. બહુભાષીવર્ગમાં શિક્ષણ (Teaching in Multilingual Classroom)

2. ડિઝીટલ ટેક્નોલોજી આધારિત

a. E- Jaadui Pitaraનો ઉપયોગ

b. Artificial Intelligence (AI)નો શિક્ષણ / મૂલ્યાંકનમાં ઉપયોગ

c. Social Mediaનો શિક્ષણ / મૂલ્યાંકનમાં ઉપયોગ

3. શાળા વ્યવસ્થાપન / ભાવાવરણ વિકાસ

a. શિક્ષકો/ વિદ્યાર્થીઓ/ આચાર્યો/વહીવટકર્તાઓના સારા માનસિક સ્વાસ્થ્ય માટેની મનોમાવજત

b. શાળામાં waste management

c. અસરકારક શાળા / વર્ગખંડ વ્યવસ્થાપન

d. શાળા સંસાધનો અને પબ્લિક પ્રાઇવેટ પાર્ટનરશીપ / અધ્યયન સંસાધન (Learning Resource) તરીકે વાલી/સમાજનો ઉપયોગ

4. વિદ્યાર્થીઓનો વ્યાવસાયિક વિકાસ

a. Public Speaking skill development

b. Presentation skill development

c. Leadership skill development

d. Teaching Financial Literacy

e. વિવિધ જાહેર પરીક્ષાઓની તૈયારી

5. આ ઉપરાંતના અન્ય શૈક્ષણિક નવતર પ્રયોગો

જિલ્લા કક્ષાએ શેરીંગ વર્કશોપ, જિલ્લા, ઝોન અને રાજય કક્ષાનો એજયુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ તેમજ રાજયકક્ષાએ કૃતિ પ્રેઝન્ટેશન માટે નીચે દર્શાવેલ મુદ્દાઓને ધ્યાને લઇ પ્રેઝન્ટેશન તૈયાર કરવાનું રહેશે.

➢ **<u>કૃતિ પ્રેઝન્ટેશન માટેના મુદ્દાઓ</u>**

(ઇનોવેશનનું શીર્ષક)

1. સમસ્યા:
2. ઇનોવેશન પૂર્વેની સ્થિતિ (ડેટા અને તે સબંધી આધાર-પુરાવા) :
3. ઇનોવેશન માટેની પ્રયુક્તિ, સાધન સામગ્રી, સમયગાળો અને લક્ષ્યજૂથ :
4. નવતર પ્રયોગનું વિગતવાર વર્ણન :
5. મૂલ્યાંકનની વિગતો ( મૂલ્યાંકન ઉપકરણ, પ્રયુક્તિ વગેરેની વિગત)
6. પરિણામો : (ડેટા સબંધિત -આધાર પુરાવા સાથે)
7. લાભાર્થીની સંખ્યા :
8. આપના ઇનોવેશનનો અમલ અન્ય શાળા દ્વારા કરવામાં આવ્યો હોય તો તેની વિગત :

## જિલ્લાકક્ષાએ શેરીંગ એન્ડ રાઇટઅપ વર્કશોપનું આયોજન

**<u>તારીખ 31 જાન્યુઆરી- 2025 સુધીમાં જિલ્લાનો શેરીંગ, રાઇટ અપ તેમજ જિલ્લાકક્ષાનો એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ પૂર્ણ કરવાનો રહેશે.</u>**

| જિલ્લા કક્ષાએ શેરીંગ અને રાઇટ અપ વર્કશોપનું આયોજન |
|---|
| જિલ્લા કક્ષાના એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ માટે જિલ્લાની તમામ શૈક્ષણિક સંસ્થાઓ સરકારી), ગ્રાન્ટેડ અને ખાનગીપ્રાથમિક -, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષકો તેમજ બી.એડ./ ડી.એલ.એડ.ના અધ્યાપકોને ઉપસ્થિત રાખવાના રહેશે. જો ઇનોવેટર્સની સંખ્યા વધારે હોય તો આ વર્કશોપ ફેઝમાં યોજવાનો રહેશે.<br><br>આ જિલ્લાકક્ષાએ શેરીંગ વર્કશોપ 01 દિવસ તેમજ રાઇટઅપ વર્કશોપ 02 દિવસ માટે ગ્રાન્ટની મર્યાદાને ધ્યાને લઇ યોજવો. જેમાં જિલ્લા અને રાજયની અગાઉના વર્ષોની શ્રેષ્ઠ કૃતિઓને આધારે પ્રેઝન્ટેશન અને ઇનોવેશન સંબંધી માહિતી પૂરી પાડવાની રહેશે. તેમજ જિલ્લાકક્ષાના એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ માટે રાઇટ અપ કરાવવાનું રહેશે. |

## જિલ્લા કક્ષાનો એજયુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ

**તારીખ 31 જાન્યુઆરી- 2025 સુધીમાં જિલ્લાકક્ષાનો એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ પૂર્ણ કરવાનો રહેશે.**

| જિલ્લાકક્ષાએ આયોજન અને પસંદગીની પ્રક્રિયા |
|---|
| જિલ્લાકક્ષાએ ઇનોવેટર્સ તેમના બેનર તેમજ કૃતિ પ્રેઝન્ટેશન માટેના મુદ્દાઓ આધારિત પ્રેઝન્ટેશન સાથે જિલ્લા કક્ષાએ ફેસ્ટીવલમાં ભાગ લેશે. જિલ્લાકક્ષાનો ઇનોવેશન ફેસ્ટીવલ ત્રણ દિવસ માટે આયોજિત કરવાનો રહેશે.<br>જિલ્લાકક્ષાએથી શ્રેષ્ઠ પાંચ કૃતિ- 03 કૃતિ પ્રાથમિક અને 2 કૃતિ માધ્યમિક, ઉચ્ચત્તર માધ્યમિક અને D.El.Ed., B.Ed. માંથી પસંદ કરીને ઝોન કક્ષાએ મોકલી આપવાની રહેશે.<br>જિલ્લાના DIC કો.ઓ. તેમના જિલ્લાની એન્ટ્રી (સોફ્ટ કોપી વર્ડ ફાઇલ) ઝોનના આયોજનકર્તા જિલ્લાના DIC.કો.ઓ.ને મોકલી આપવાની રહેશે.<br>દરેક જિલ્લાએ પોતાના જિલ્લામાંથી પસંદ થયેલ શ્રેષ્ઠ પાંચ કૃતિની યાદી ઝોન કક્ષાના આયોજક જિલ્લાને મોકલી આપવાના રહેશે. |

### જિલ્લા કક્ષાએ મૂલ્યાંકન અને પસંદગી પ્રક્રિયાની સમિતિ

| ક્રમ | સભ્ય | હોદ્દો |
|---|---|---|
| 1. | પ્રાચાર્ય, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન | અધ્યક્ષ |
| 2. | ડાયેટના સિનિયર લેકચરર (કોઇપણ એક) | સભ્ય |
| 3. | ડાયેટના લેકચરર (કોઇપણ બે) | સભ્ય |
| 4. | બી.આર.સી.કો.ઓર્ડિનેટર (કોઇપણ એક) | સભ્ય |
| 5. | એજયુકશન ઇન્સપેકટર (કોઇપણ એક) | સભ્ય |
| 6. | તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી (કોઇપણ એક) | સભ્ય |
| 7. | ડી.આઇ.સી. કો.ઓર્ડિનેટર | સભ્ય સચિવ |

નોંધઃ ઉકત કમિટીમાંથી ઓછામાં ઓછા ત્રણ સભ્યો હાજર રહેશે તો કોરમ પૂર્ણ થયેલ ગણાશે.

## ઝોન કક્ષાના એજયુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલનું આયોજન

**તારીખ 15 ફેબ્રુઆરી – 2025 સુધી પૂર્ણ કરવાનો રહેશે.**

## ઝોન કક્ષાએ આયોજન અને પસંદગીની પ્રક્રિયા

ઝોન કક્ષાના ફેસ્ટીવલમાં દરેક ઇનોવેટર્સે તેમની કૃતિ, બેનર અને પ્રેઝન્ટેશન સાથે ઉપસ્થિત રહેવાનું રહેશે. ઝોન કક્ષાનો ઇનોવેશન ફેસ્ટીવલ ત્રણ દિવસ માટે આયોજિત કરવાનોરહેશે.

દરેક ઝોનમાંથી પસંદ થયેલ શ્રેષ્ઠ 08 (આઠ) કૃતિ 6 કૃતિ પ્રાથમિક અને 2 કૃતિ માધ્યમિક, ઉચ્ચત્તર માધ્યમિક અને ડી.એલ.એડ઼., બી.એડ઼માંથી પસંદ કરીને રાજ્યકક્ષાના આયોજનકર્તા જિલ્લાને મોકલી આપવાની રહેશે.

દરેક ઝોનના DIC Coordinators તેમના ઝોનની એન્ટ્રી (સોફ્ટ કોપી વર્ડ ફાઇલ) રાજ્યના આયોજનકર્તા જિલ્લાના DIC Coordinators ને તેમના ઝોનનો ઇનોવેશન ફેસ્ટીવલ પૂર્ણ થયા બાદ 3 દિવસમાં મોકલી આપવાની રહેશે. દરેક ઝોનમાંથી પસંદ થયેલ શ્રેષ્ઠ કૃતિ આધારિત સંભવિત પ્રશ્નોની યાદી ઝોન કક્ષાના આયોજકે રાજ્યને મોકલી આપવાની રહેશે.

## ઝોન કક્ષાએ મૂલ્યાંકન અને પસંદગી પ્રક્રિયાની સમિતિ

| ક્રમ | સભ્ય | હોદ્દો |
|---|---|---|
| 1. | યજમાન ડાયેટના પ્રાચાર્ય, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન | અધ્યક્ષ |
| 2. | ઝોનમાં સમાવિષ્ટ જિલ્લાના ડી.આઇ.સી. કો.ઓર્ડિનેટર (તમામ) | સભ્ય |
| 3. | યજમાન ડાયેટના જિલ્લાના ડી.આઇ.સી. કો.ઓર્ડિનેટર | સભ્યસચિવ |

નોંધઃ ઉકત કમિટીમાંથી ઓછામાં ઓછા ત્રણ સભ્યો હાજર રહેશે તો કોરમ પૂર્ણ થયેલ ગણાશે.

| ઝોન | સમાવિષ્ટ જિલ્લાઓ | અંદાજિત સંખ્યા |
|---|---|---|
| ઉત્તર ઝોન | (1) અમદાવાદ(ગ્રા), <u>(2) અમદાવાદ(શ),</u> (3) ગાંધીનગર, (4) મહેસાણા, (5) પાટણ, (6) સાબરકાંઠા, (7) અરવલ્લી, (8) બનાસકાંઠા | 40 |
| દક્ષિણ ઝોન | (1) ડાંગ, <u>(2) વલસાડ,</u> (3) નવસારી, (4) સુરત, (5) તાપી, (6) ભરૂચ, (7) નર્મદા | 35 |
| મધ્ય ઝોન | (1) વડોદરા, <u>(2) છોટાઉદેપુર,</u> (3) આણંદ, (4) સંતરામપુર, (5) | 35 |

| | | |
|---|---|---|
| | પંચમહાલ, (6) દાહોદ, (7) ખેડા | |
| સૌરાષ્ટ્ર -૧ | (1) સુરેન્દ્રનગર, <u>(2) ભાવનગર</u>,(3) બોટાદ, (4) રાજકોટ, (5) મોરબી, (6) કચ્છ | 30 |
| સૌરાષ્ટ્ર -૨ | (1) જામનગર, <u>(2) દેવભૂમિ દ્વારકા</u>, (3) પોરબંદર, (4) અમરેલી, (5) જુનાગઢ, (6) ગીર સોમનાથ | 30 |

ઉપરોકત કોષ્ટકમાં બોલ્ડ કરીને દર્શાવેલ ક્રમ નંબર (2) ના જિલ્લાએ વર્ષ 2024-25માં ઝોનકક્ષાના ઇનોવેશન ફેસ્ટીવલનું આયોજન કરવાનું રહેશે. પછીના ક્રમે આવતા જિલ્લાઓએ આવનાર વર્ષ માટે ક્રમશઃ ઝોનકક્ષાના ઇનોવેશન ફેસ્ટીવલનું આયોજન કરવાનું રહેશે.

## રાજય કક્ષાના એજયુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલનું આયોજન

**<u>તારીખ 28 ફેબ્રુઆરી - 2025 સુધીમાં પૂર્ણ કરવાનો રહેશે.</u>**

| | જિલ્લાની યાદી | અંદાજિત સંખ્યા |
|---|---|---|
| રાજય કક્ષાએ આયોજન | (1) કચ્છ <u>(2) ગીર સોમનાથ</u> (3) ખેડા (4) નર્મદા (5) બનાસકાંઠા | 40 |

ઉપરોકત કોષ્ટકમાં બોલ્ડ કરીને દર્શાવેલ ક્રમ નંબર 2 ના જિલ્લાએ વર્ષ 2024-25માં રાજયકક્ષાના ઇનોવેશન ફેસ્ટીવલનું આયોજન કરવાનું રહેશે. પછીના ક્રમે આવતા જિલ્લાઓએ આવનાર વર્ષ માટે ક્રમશઃ રાજયકક્ષાના ઇનોવેશન ફેસ્ટીવલનું આયોજન કરવાનું રહેશે.

| રાજયકક્ષાએ આયોજન અને પસંદગીની પ્રક્રિયા |
|---|
| રાજયકક્ષાના ફેસ્ટીવલમાં ઇનોવેટર્સ તેમની કૃતિ, બેનર અને પ્રેઝન્ટેશન સાથે ઉપસ્થિત રહેશે . રાજયકક્ષાનો ઇનોવેશન ફેસ્ટીવલ ત્રણ દિવસ માટે આયોજિત કરવાનો રહેશે. |

૮

## રાજયકક્ષાએ મૂલ્યાંકન અને પસંદગી પ્રક્રિયાની સમિતિ

| ક્રમ | સભ્ય | હોદ્દો |
|---|---|---|
| 1. | આયોજનકર્તા જિલ્લાના પ્રાચાર્ય, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન | અધ્યક્ષ |
| 2. | ડી.આઇ.સી.કો.ઓર્ડિનેટર(દરેક જિલ્લામાંથી એક) | સભ્ય |
| 3. | ડી.આઇ.સી. કો.ઓર્ડિનેટર સંબંધિત જિલ્લો | સભ્યસચિવ |

## રાજયકક્ષાએ કૃતિ પ્રેઝન્ટેશન કાર્યશાળા

રાજયકક્ષામાંથી પસંદ થયેલ શ્રેષ્ઠ કૃતિ સાથે સંકળાયેલ ઇનોવેટર્સને રાજય કક્ષાએ પ્રેઝન્ટેશન માટે ઉપસ્થિત રહેવાનું થશે.

રાજયકક્ષાએ પસંદિત શ્રેષ્ઠ કૃતિઓનું પ્રેઝન્ટેશનની કાર્યશાળા તારીખ 4 માર્ચ થી 6 માર્ચ-2025 દરમિયાન યોજવામાં આવશે.

આયોજનકર્તાઃ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ભરૂચ
સ્થળ : એસ.ટી.ટી.આઇ., જીસીઇઆરટી કેમ્પસ, ગાંધીનગર

## ઇનોવેશન ફેસ્ટીવલ સંબંધે ધ્યાનમાં રાખવાની બાબતો

આ વર્ષે જિલ્લામાં પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક અને શિક્ષણ- પ્રશિક્ષણ સંસ્થાઓ માટેના એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ વર્ષ-2024-25ના આયોજન નીચે મુજબની સૂચનાઓને ધ્યાને લઇ કરવા આથી જણાવવામાં આવે છે.

- આપેલ આયોજનનું ચુસ્ત રીતે પાલન કરવાનું રહેશે.
- એજયુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ જિલ્લા કક્ષાએથી શરૂ કરવાનો રહેશે.
- એજયુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ અંતર્ગત નાવિન્યસભર, ગુણવત્તાયુકત અને પરિણામલક્ષી કૃતિઓની પસંદગી થાય તેની ખાસ તકેદારી રાખવાની રહેશે.
- ઝોન કક્ષાના એજયુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલમાં જિલ્લાકક્ષાએ ભાગ લેનાર ઇનોવેટર્સ માટે સેમિનારનું આયોજન કરવાનું રહેશે. જેમાં સબંધિત જિલ્લાના જિલ્લાકક્ષાએ ભાગ લેનાર ઇનોવેટરને આમંત્રિત કરવાના રહેશે.

- ઝોનકક્ષાના ઇનોવેશન ફેસ્ટીવલમાં યોજાનાર સેમિનારમાં કૃતિ પ્રેઝન્ટેશન માટેના મુદ્દાઓને આધારે ઝોનકક્ષાએ ભાગ લેનાર ઇનોવેટરે પ્રેઝન્ટેશન રજૂ કરવાનું રહેશે. જેનું આયોજન ઝોનકક્ષાના આયોજક જિલ્લાએ કરવાનું રહેશે.
- રાજય કક્ષાના ઇનોવેશન ફેસ્ટીવલમાં યોજાનાર સેમિનારમાં કૃતિ પ્રેઝન્ટેશન માટેના મુદ્દાઓને આધારે રાજય કક્ષાએ ભાગ લેનાર ઇનોવેટરે પ્રેઝન્ટેશન રજૂ કરવાનું રહેશે. જેનું આયોજન રાજય કક્ષાના આયોજક જિલ્લાએ કરવાનું રહેશે.
- જિલ્લાકક્ષાના ઇનોવેશન ફેસ્ટીવલમાં સંબંધિત જિલ્લાની તમામ પ્રાથમિક અને માધ્યમિક શાળાના શિક્ષકો, શિક્ષણ-પ્રશિક્ષણ સંસ્થાઓના અધ્યાપકો ભાગ લઇ શકે તે માટે પ્રચાર પ્રસાર કરવાનો રહેશે. જિલ્લાકક્ષાના ઇનોવેશન ફેસ્ટીવલમાં વધુમાં વધુ 50થી વધુ ઇનોવેટર્સ ભાગ લઇ શકશે નહીં.
- *પ્રયોગમાં જો કોઈ નવો ઉમેરો કે સુધારો કર્યો હોય તો તે પ્રયોગને મૂકી શકશે.* આ ઉપરાંત *જે શિક્ષકના નવતર પ્રયોગો ચાલુ હોય તો પણ તેઓ પોતાના પ્રયોગો રજૂ કરી શકશે.*
- એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલમાં કોઇપણ ઇનોવેશન રીપીટ ન થાય તેની DIC કો.ઓ.એ ખાસ તકેદારી રાખવાની રહેશે.
- જિલ્લા કક્ષાના ઇનોવેશન ફેસ્ટીવલ વર્ષ 2024-25માં દરેક ઇનોવેટર્સે સ્ટોલનું બેનર/પોસ્ટર (5 x 3) મુજબ બનાવવાનું રહેશે. જેમાં દરેક ઇનોવેટર તેની કૃતિની વધુ સમજ માટે વિડીયો તૈયાર કરી તેના QR કોડ ઇનોવેટરના સ્ટોલના બેનરમાં મૂકી શકશે.
- જિલ્લા કક્ષાના એજયુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલમાં ઇનોવેટર નિયત નમૂનામાં કૃતિની વિગતો રજૂ કરવાની રહેશે. આ વિગતો પછી ક્રમશઃ ઝોન અને રાજયકક્ષાએ મોકલી આપવાની રહેશે.
- જિલ્લા કક્ષાના એજયુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલમાં ભાગ લેનાર શિક્ષકોની પસંદગી 50 ગુણમાંથી આપેલ માપદંડને આધારે કરવાની રહેશે. જેમાં 70% કમિટીના અને 30% મુલાકાતી શિક્ષકોના ગુણભારને આધારે મૂલ્યાંકન કરવાનુંરહેશે.
- ઝોન અને રાજયકક્ષાના એજયુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલમાં ભાગ લેનાર શિક્ષકોની પસંદગી કમિટીના સભ્યો દ્વારા 50 ગુણના માપદંડને આધારે કરવાની રહેશે.
- ઇનોવેશનમાં ભાગ લેનાર તમામ કૃતિઓના 5 મિનિટના વિડીયો તૈયાર કરી તેના QR કોડ બનાવી ડાયેટની વેબસાઇટ પર અપલોડ કરવાના રહેશે.
- ઇનોવેશન બુકલેટ કલરફૂલ બને તે ઇચ્છનીય છે, તેમજ ભાષાશુદ્ધિ બાદ તે પ્રકાશિત કરી દરેક ઇનોવેટરને, તમામ શાળા, સી.આર.સી. અને બી.આર.સી.સી.ને આપવા આયોજન

કરવું. જો ગ્રાન્ટની ઉપલબ્ધી હોય તો દરેક શાળાને આપી શકાશે, તેમજ તેની એક નકલ અત્રે મોકલી આપવી.

- જિલ્લા કક્ષાના ઇનોવેશન ફેસ્ટીવલમાં પસંદ થયેલ ઇનોવેટરને રૂ.500/-ઝોનકક્ષાએ, રૂ. 800/- અને રાજયકક્ષાએ રૂ. 1000/- પુરસ્કાર આપવાનો રહેશે.
- દરેક કક્ષાએ પસંદગી સમિતિના દરેક સભ્યને પ્રતિદિન રૂ. 500/- ચુકવવાના રહેશે.
- જિલ્લા કક્ષાના આયોજન સ્થળની વિગતોની જાણ અત્રે કરવાની રહેશે.
- રજૂ થયેલ નવતર પ્રયોગનું મૂલ્યાંકન મુલાકાતી શિક્ષકો અને મૂલ્યાંકન સમિતિ દ્વારા કરવામાં આવશે.
- ડાયેટે તમામ કક્ષાના ઇનોવેશનની વિગતો વેબસાઇટ/બ્લોગ પર મૂકવાની રહેશે.

**નવતર પ્રયોગના મૂલ્યાંકન માટે નીચે મુજબના માપદંડ ધ્યાને લેવાના રહેશે.**

| ક્રમ | પસંદગીના માપદંડ | ગુણ |
|---|---|---|
| ૧ | નવતર પ્રયોગની અસરકારકતા | 10 |
| ૨ | નવતર પ્રયોગની ઉપયોગિતા | 10 |
| ૩ | નવતર પ્રયોગ કર્યા પૂર્વે અને પછી મળેલ પરિણામ આધારિત મૂલ્યાંકન | 10 |
| ૪ | નવતર પ્રયોગનું વિસ્તૃતીકરણ કે વિસ્તૃતીકરણની શક્યતા (તાલુકા કે જિલ્લા કે રાજ્યકક્ષાએ અમલીકરણની શક્યતા) | 10 |
| ૫ | નવતર પ્રયોગની એકંદર છાપ | 10 |
| | કુલ ગુણ | 50 |

- ડાયટ પ્રાચાર્ય દ્વારા કચેરી આદેશ કરી ઇનોવેશન કાર્યક્રમમાં અન્ય શૈક્ષણિક સ્ટાફ જોડવા તેમજ ટેકનીકલ સહયોગ માટે ઇ.ટી. શાખાને જોડવાની રહેશે.
- જિલ્લાના શ્રેષ્ઠ ઇનોવેશનને શગુન (https://www.india.gov.in/website-school-education-shagun-portal) વેબસાઇટ પર અપલોડ કરવા શિક્ષકોને પ્રોત્સાહિત કરવા.
- એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ વર્ષ-2023-24ના તમામ કાર્યક્રમોનો ખર્ચ ડાયેટને ફાળવેલ ઇ.ડી.એન. 16 એલ એજયુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલની ગ્રાન્ટમાંથી કરવાનો રહેશે. એજયુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ માટેની ગ્રાન્ટ ફાળવણી હવે પછીથી કરવામાં આવશે.
- અત્રેથી ફાળવેલ ગ્રાન્ટની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે. ફાળવેલ ગ્રાન્ટ કરતા વધુ ખર્ચ થશે તો અત્રેથી કોઇ વધારાની ગ્રાન્ટ ફાળવવામાં આવશે નહિ.

- એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલના આયોજનમાં તમામ ડાયેટ પ્રાચાર્યશ્રીએ સબંધિત ડીપીઇઓશ્રી, ડીઈઓશ્રી, શાસનાધિકારીશ્રીના સંકલનથી કાર્ય કરવાનું રહેશે.

ઉપરોક્ત બાબતોને ધ્યાને લઇ જરૂરી કાર્યવાહી કરવા આથી આપને જણાવવામાં આવે છે.

(પી. કે. ત્રિવેદી)
નિયામક
જીસીઈઆરટી, ગાંધીનગર

નકલ રવાના જાણ સારૂ:

- જિલ્લાપ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ, ગુજરાત
- જિલ્લાશિક્ષણાધિકારીશ્રી, તમામ, ગુજરાત
- શાસનાધિકારીશ્રી,તમામ, ગુજરાત